# રહસ્ય

— 'તથાગત'માથી સાભાર

સોના નામની એક સુદર મજાની છોકરી હતી. તે સાવ અનાથ હતી. તેનુ કુટુબી નહિ, કોઈ સગાવહાલા નહિ કે ન કોઈ મિત્ર. આટલી મોટી દુનિયામા તે સાવ એકલી રહે અને લોકોના નાના મોટા કામો કરી પોતાનુ ગુજરાન ચલાવે.

એક સાજે તેને ખૂબ એકલુ લાગતુ હતુ. તેથી બાજુના એક બગીચા ફરવા નીકળી પડી. ચાલતા ચાલતા તેની નજર રસ્તાની બાજુની એક કાટાળી ઝાડી પર પડી. ઝાડીના કાટામા એક સુદર પાખોવાળુ નાજુક પતગિયુ ફસાઈ ગયુ હતુ. સોનાના પગ ત્યા જ અટકી ગયા. તેણે જોયુ કે જેમ જેમ એ પતગિયુ કાટામાથી નીકળવાની કોશિશ કરતુ હતુ તેમ તેમ વધુ ફસાતુ જતુ હતુ.

સોના ધીમા પગલે તેની પાસે ગઈ. હળવેક રહીને તેણે પતગિયાને કાટાની ઝાડીથી અળગુ કરી પ્રેમથી પોતાની હથેળી પર મૂક્યુ કે જેથી તે ઊડી જઈ શકે.

પરત આશ્ચર્ય ! સોના હજુ કઈ વિચારે ત્યા તો તે પતગિયુ એક સુદર પરીમા ફેરવાઈ ગયુ....! સોના આખો ચોળતી રહી અને સ્તબ્ધ બનીને પરીની સામે તાકી રહી.



'બેટા.......' પરીએ ઘટડી જેવા મધુર અવાજે કહ્યુ, ''તે મને મુક્ત કરવાનુ જે સુદર કામ કર્યુ છે તે બદલ હુ તને વરદાન આપવા માગુ છુ. તુ તને ગમે તેવુ કઈપણ વરદાન માગી લે !''

સોના વિચારવા લાગી. થોડીવાર પછી એણે પરીને કહ્યુ, ''હુ સુખી થવા માગુ છુ.!''
''હ..... ખૂબ સરસ!'' પરી બોલી. પછી તેણે સોનાના કાનમા કઈક કહ્યુ અને ત્યાથી અદશ્ય થઈ ગઈ.

સોના પછીથી ખૂબ જ આનદમા રહેવા લાગી. આખા શહેરમા તેના જેટલુ સુખી કોઈ નહોતુ. લોકો તેને તેના આ આનદનુ રહસ્ય પૂછતા ત્યારે તે હસતી અને કહેતી, 'એક પરીએ મને આ સુખનુ રહસ્ય આપ્યુ છે.' લોકો આશ્ચર્યથી તેની સામે તાકી રહેતા અને સોના હસતી હસતી ત્યાથી ચાલી જતી.

આમ ને આમ આખી જિદગી તેણે ખૂબ જ આનદમા વિતાવી. વૃદ્ધ સોના એક દિવસ બીમાર પડી અને મૃત્યુની નજીક આવી ગઈ. ગામલોકો તેને મળવા આવ્યા અને વિનતી સાથે સોનાને કહ્યુ, ''તમારી પરીની વાતનુ રહસ્ય અમને કહોને ! જેથી અમે પણ સુખી થઈ શકીએ....!

સોના હસી અને બોલી, ''પરીએ મને કહ્યુ હતુ, 'આ દુનિયાના કોઈપણ માણસ તે ચાહે ગરીબ હોય કે અમીર, યુવાન હોય કે વૃદ્ધ, સ્ત્રી હોય કે પુરુષ....બધાને તારી ખાસ જરૂર છે. આથી તુ તેમના જેટલુ સારુ કામ કરી શકે તે કર......!'

....અને મે એમ જ કર્યું.....!''

■